ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ દ્વારા બાંધવામાં આવતા બિન રહેણાંક મકાનોમાં ફર્નિચરની કામગીરી કરવા બાબત.

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

ઠરાવ ક્રમાંક : HD/BLD/e-file/8/2022/0020/L

સચિવાલય, ગાંધીનગર

તારીખ :  As per E-sign

**વંચાણે લીધા :-**

(૧) વિભાગનો તારીખ ૨૨/૦૧/૨૦૧૦નો ઠરાવ ક્રમાંક : પીએચસી/૨૦૧૦/૨૨/લ.

(૨) વિભાગનો તારીખ ૨૨/૦૮/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૨૦૨૦/૪૭૧/લ.

(૩) વિભાગનો તારીખ ૦૧/૦૪/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૨૦૨૦/૪૭૧/લ.

(૪) વિભાગનો તારીખ ૧૫/૦૧/૨૦૨૫નો સમાનાંકી ઠરાવ.

(૫) ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિ., ગાંધીનગરનો તારીખ ૦૩/૦૨/૨૦૨૫નો પત્ર ક્રમાંક : ગુપોહા/ટેક/સ્થપતિ/૨૮૯૯-૧/૬૪૧/૨૦૨૫.

**ઠરાવ :-**

વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક ૧ થી ૩ સામેના ઠરાવોથી  વિવિધ સમયગાળા માટે બિનરહેણાંક મકાનોમાં મકાનની અંદાજિત કિંમત (પ્રોજેક્ટ કોસ્ટ)ના ૭.૫૦% અથવા ફર્નિચરની ખરેખર કિંમત (વાસ્તવિક કિંમત) પૈકી બે માંથી જે ઓછી રકમ હોય તેટલી રકમ ફર્નિચર માટે વાપરી શકાશે તે મુજબની મંજૂરી આપેલ હતી. પરંતુ,  વર્તમાન સમયમાં લગભગ તમામ વહીવટી કચેરીઓમાં કોમ્પ્યુટરનો વપરાશ ખુબ વધી ગયો છે તેમજ જે તે કચેરીઓમાં મહેકમની સંખ્યામાં પણ ઘણો વધારો થયો છે. પોલીસ સ્ટેશન તથા વહીવટી કચેરીઓમાં જનસંપર્ક/લોકઅદાલત તેમજ તાલીમના ભાગ રૂપે અધ્યતન કોમ્યુનિટી હોલ/મલ્ટીપર્પઝ રૂમ, દરેક પોલીસ સ્ટેશન/વહીવટી કચેરીમાં આપવામાં આવે છે. પોલીસ સ્ટેશન/વહીવટી કચેરીઓમાં વિઝીટર્સની સંખ્યામાં ખુબ વધારો થયેલ હોવાથી જરૂરીયાત મુજબના ફર્નિચરવાળા વેઈટીંગ રૂમ આપવામાં આવે છે. આ ઉપરાંત, મહીલાઓ/બાળકો તરફ સરકારની સંવેદનશીલતાને કારણે પોલીસ સ્ટેશન/વહીવટી કચેરીઓમાં ચાઈલ્ડ કોર્નર/CRECHE/ફીડીંગ રૂમ આપવામાં આવે છે.

જે બાબતને લક્ષમાં લઈ, અને આવી બાબતો માટે કોઈ ચોક્કસ માપદંડ શક્ય ન હોવાથી ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ દ્વારા બાંધવામાં આવતા બિન રહેણાંક મકાનોના બાંધકામમાં સમયાંતરે બદલાયેલ જરૂરીયાત ધ્યાને રાખી ફર્નિચર કામગીરી માટે જે તે પ્રોજેક્ટ કોસ્ટના ૧૦% અથવા ફર્નિચરની વાસ્તવિક કિંમત બે માંથી જે ઓછું હોય તે મુજબ ફર્નિચર કરાવવાની મંજુરી વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૪) સામેના તારીખ ૧૫-૦૧-૨૦૨૫ના ઠરાવથી આપવામાં આવેલ હતી.

પરંતુ, ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ દ્વારા થતાં બાંધકામોના પ્રોજેક્ટની વિગતો ચકાસતાં ફર્નિચરો માટે ઉક્ત ફર્નિચરની વાસ્તવિક કિંમત અથવા પ્રોજેક્ટ કોસ્ટના ૧૦% લેખે બે માંથી જે ઓછું હોય તે રકમ અપૂરતી જણાતાં તે રકમમાં ફેરફાર માટે વંચાણે લીધા ક્રમાંક (૫) સામેના તારીખ ૦૩-૦૨-૨૦૨૫ પત્રથી ફર્નિચર માટે પ્રોજેક્ટ કોસ્ટના ૧૫%  અથવા ફર્નિચરની વાસ્તવિક કિંમત બે માંથી જે ઓછું હોય તે મુજબ ફર્નિચર કરાવવાની મંજુરી પુન: દરખાસ્ત ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિ. વિભાગને કરેલ. જેને મંજુરી આપવાની બાબતવિભાગની વિચારણા હેઠળ હતી.

ઉક્ત પુખ્ત વિચારણાના અંતે, ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ દ્વારા બાંધવામાં આવતા પોલીસ ખાતાના બિન રહેણાંક મકાનોમાં ફર્નિચરની કામગીરી માટે જે તે પ્રોજેક્ટ કોસ્ટના ૧૫% અથવા ફર્નિચરની વાસ્તવિક કિંમતનો ટેન્ડર/અંદાજમાં સમાવેશ કરવાનું આથી નીચેની શરતોને આધિન ઠરાવવામાં આવે છે.

**શરતો :-**

(૧) ગૃહ વિભાગ હેઠળના ખાતાના વડાની કચેરીઓ તથા તેમના તાબાની કચેરીઓમાં બિન-રહેણાંક મકાનોમાં જે તે ઓફિસના વહીવટી સ્ટાફને અનુરૂપ ફર્નિચરની સુવિધા પણ આપવાની રહેશે.

(૨) નવા બાંધકામના બિન-રહેણાંક મકાનોના અંદાજો સાથે જ ફર્નિચરની વાસ્તવિક કિંમત અથવા પ્રોજેક્ટ કોસ્ટના ૧૫% બે માંથી જે ઓછું હોય તે અંદાજ ધ્યાનમાં લેવાનો રહેશે.

(3) નવા બિન-રહેણાંક મકાનોના ફર્નિચર માટે સંબંધિત ખાતાના વડાએ કોઈ અન્ય જોગવાઈ કરવાની રહેશે નહિ તેમજ આવી કચેરીના જુના ફર્નિચરનો યથોચિત ઉપયોગ કરવા અથવા નિકાલ કરવાની વ્યવસ્થા પણ જે તે ખાતાના વડાએ કરવાની રહેશે.

(૪) ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ દ્વારા હાલ જે મકાનોનું બાંધકામ ચાલુ હોય અથવા જે મકાનો બંધાઈને તૈયાર થઈ ગયેલ છે તે સઘળાં મકાનોમાં પણ જરૂરી ફર્નિચરની વ્યવસ્થા આ ઠરાવથી સૂચવાયા મુજબ નિગમે હાથ ધરવાની રહેશે.

(૫) ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ દ્વારા મકાનોના નકશા-અંદાજો તૈયાર કરતી વખતે જ સૂચિત જોગવાઈની મર્યાદામાં ફર્નિચર અંગેની જોગવાઈનો સમાવેશ કરવાનો રહેશે અને તે અંગેનો ખર્ચ જે તે નાણાંકીય વર્ષમાં સંબંધિત બજેટ સદર હેઠળ થયેલ જોગવાઈમાંથી ફાળવવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર મળેલ નાણા વિભાગની તારીખ ૧૧-૦૩-૨૦૨૫ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રોનક મોદી)

ઉપ સચિવ

ગૃહ વિભાગ

પ્રતિ શ્રી,

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડ, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (ગૃહ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
- સેક્શન અધિકારીશ્રી, “અ” અને “ક”-શાખા, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી,બજેટ શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઈલ-૨૦૨૫.

Signature Not Verified
Signed by:Ronak Modi
Under Secretary
Date:2025.03.18
12:22:17 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign